# <u>હે સાહેબ ! તું...</u>

જીવનના શ્વાસોચ્શ્વાસમાં તું છે
સરકતી પળનાં, સ્મરણમાં તું છે
હૃદયની ઊર્મિ, મનતરંગોમાં
જગતના સઘળાં સુખ રંગોમાં
અધિક છે તું હરેક અધિકોથી
અનુપમ તું સદા નિરાળો છે
હે પ્રભુ ! તું અમારો વ્હાલો છે
હું છું તારો ને તું અમારો છે
હે સાહેબ ! તું અમારો પ્યારો છે...

તારી મરજીની આણ નભમાં છે
ભુતળ ધરાતલ ચલ-અચલમાં છે
તું છે કર્તા હરેક કારણનો
હરેક કર્મ હરેક તારણનો
તારી મરજી વિના શું થાય ભલા
તું એકમેવ તું નિરાળો છે
હે પ્રભુ ! તું અમારો ચાલો છે
હું છું તારો ને તું અમારો છે
હે સાહેબ ! તું અમારો પ્યારો છે....

તારા ભક્તોમાં, હે પ્રભુ ! તું છે
પ્રેરક છે સૌનો, પ્રવર્તક ને નિયંતા તું છે
જાણી નિર્દોષ દિવ્ય સહુને હું
બનું સુહૃદ સહુનો સેવક હું
તારા રાજીપામાં જીવતર ઘોળું
હૃદયાધીશ તું નિરાળો છે
હે પ્રભુ ! તું અમારો વ્હાલો છે
હું છું તારો ને તું અમારો છે
હે સાહેબ ! તું અમારો પ્યારો છે...

*********